# 108 Names of Shree Shatrunjay

## શ્રીશત્રુંજયનાં ૧૦૮ નામો

(૧) શત્રુંજય (૨) બાહુબળી (૩) મરુદેવ (૪) પુંડરિક (૫) રૈવત (૬) વિમલ (૭) સિદ્ધરાજ (૮) ભગીરથ (૯) સિદ્ધક્ષેત્ર (૧૦) સહ કમલ (૧૧) મુક્તિનિલય (૧૨) સિદ્ધાચલ (૧૩) શતકૂટ (૧૪) ઢંક (૧૫) કદંબ (૧૬) કોડિનિવાસ (૧૭) લોહિત્ય (૧૮) તાલધ્વજ (૧૯) પુણ્યરાશિ (૨૦) મહાબળ (૨૧) દ્રઢશક્તિ (૨૨) શતપત્ર (૨૩) વિજયાનંદ (૨૪) ભદ્રંકર (૨૫) મહાપીઠ (૨૬) સુર (૨૭) મહા (૨૮) મહાનંદ (૨૯) કર્મસૂદન (૩૦) કૈલાસ (૩૧) પુષ્પદંત (૩૨) જયંત (૩૩) આનંદ (૩૪) શ્રીપદ (૩૫) હસ્ત (૩૬) શાશ્વત (૩૭) ભવ્ય (૩૮) સિદ્ધેશેખર (૩૯) મહાજશ (૪૦) માલ્યવંત (૪૧) પૃથ્વીપીઠ (૪૨) દુ:ખહર (૪૩) મુક્તિરાજ (૪૪) મણિકાંત (૪૫) મહીધર (૪૬) કંચન (૪૭) આનંદઘર (૪૮) પુણ્યકંદ (૪૯) જયાનંદ (૫૦) પાતાલમૂલ (૫૧) વિભાસ (૫૨) વિશાલ (૫૩) જગતારણ (૫૪) અકલંક (૫૫) અકર્મક (૫૬) મહાતીર્થ (૫૭) હેમ (૫૮) અનંતશક્તિ (૫૯) પુરુષોત્તમ (૬૦) પર્વતરાજ (૬૧) જ્યોતિરૂપ (૬૨) વિલાસભદ્ર (૬૩) સુભદ્ર (૬૪) અજરામર (૬૫) ક્ષેમંકર (૬૬) અમરકેતુ (૬૭) ગુણકંદ (૬૮) સહાપત્ર (૬૯) શિવંકર (૭૦) કર્મક્ષય (૭૧) તમોકંદ (૭૨) રાજરાજેશ્વર (૭૩) ભવતારણ (૭૪) ગજચંદ્ર (૭૫) મહોદય (૭૬) સૂરકાંત (૭૭) અચલ (૭૮) અભિનંદન (૭૯) સુમતિ (૮૦) શ્રેષ્ઠ (૮૧) અભચકંદ (૮૨) ઉજ્જવલ (૮૩) મહાપદ્મ (૮૪) વિશ્વાનંદ (૮૫) જયભદ્ર

(૮૬) ઇંદ્રપ્રકાશ (૮૭) કપર્દીવાસ (૮૮) મુક્તિનિકેન (૮૯) કેવલદાયક (૯૦) ચર્ચ (૯૧) અષ્ટોત્તરશતકૂટ (૯૨) સૌંદર્ય (૯૩) યશોધર (૯૪) પ્રિતિમંડન (૯૫) કામદાયી (૯૬) સહજાનંદ (૯૭) મહેન્દ્રધ્વજ (૯૮) સર્વાર્થસિધ્ધ (૯૯) પ્રિયંકર (૧૦૦) બ્રહ્માગિરિ (૧૦૧) નંદિગિરિ (૧૦૨) શ્રીશ્રેય:પદ (૧૦૩) શ્રીપ્રભોપદ (૧૦૪) સર્વકામદ (૧૦૫) ક્ષિતિમંડલ મંડન (૧૦૬) સહ ।ખ્ય (૧૦૭) તાપસગિરિ (૧૦૮) સ્વર્ણગિરિ.

(૧) શેત્રુંજય ગિરિરાજની ઉંચાઇ ૧૬૪૦ ફૂટ છે. ૩૭૫૦ પગથિયા છે. ઉપરનો ગઢ વિસ્તાર ૨૦ એકરમાં પથરાયેલો છે. ૧૦૮ મોટાં દેરાસર અને ૮૭૨ નાની દેરીઓમાં કુલ ૭૦૦૦ જિન પ્રતિમાઓ છે.

(૨) હસ્તગિરિ તીર્થે આદીશ્વરપ્રભુ અનેકવાર પધાર્યા હતા. ભરત ચક્વર્તીના હાથીએ અહીં અનશન કરી સ્વર્ગે ગયો હોવાથી હસ્તગિરિ કહેવાય છે. આ તીર્થનો તીર્થોદ્ધાર થતાં અહીં ૭૨ દેરીઓ સહિત અષ્ટકોણમાં શ્રી આદિશ્વરપ્રભુના ભવ્ય જિન મંદિરે દર્શન કરતાં નમો જિણાણં કહીએ.

(૩) શ્રી શત્રુંજય ગિરિરાજની નવ્વાણું યાત્રા કરનાર ભાવિકો શત્રુંજય નદીમાં સ્નાન કરી રોહીશાળા ગામમાં નદીકિનારે રહેલા શ્રી આદિશ્વર પ્રભુના પગલાની પૂજા કરતા હતા. પરંતુ શત્રુંજય ડેમ થતાં પ્રભુના પગલાને નૂતન જિન મંદિરમાં પધરાવવામાં આવ્યા છે. તેમાં મૂળનાયક શ્રી શત્રુંજય પાર્શ્વનાથપ્રભુને નમો જિણાણં.

(૪) શત્રુંજય ગિરિરાજની ૧૨ કોશની પ્રદક્ષિણામાં કદમ્બગિરિ તીર્થ આવે છે. આ ચોવીશીના અજીતનાથપ્રભુના ગણધરશ્રી કદમ્બમુનિ ૧ કરોડ મુનિઓ સાથે અહીંથી મોક્ષ પામ્યા છે. આ તીર્થમાં મૂળનાયક શ્વેતવર્ણીય આદિશ્વરપ્રભુને નમો જિણાણં.

(૫) શત્રુંજી અને તલાજી નદીના સંગમસ્થાન પર આવેલા તાલધ્વજગિરિ ઉપર નાની-મોટી ૩૬ ગુફાઓ છે. સહીં સાચા સુમતિનાથપ્રભુ ખુબ ચમત્કારિક છે. પ્રભુને નમો જિણાણં. ઇહાં મોક્ષ ગયા કેઇ કોટિ રે અમને પણ આશા મોટી રે.

**<u>શ્રી સિદ્ધગિરિ ઉપર વર્તમાન ચોવિશીમાં સિદ્ધપદને વરેલા પુણ્યાત્માઓ</u>**

(૧) શ્રી ઋષભદેવ ભગવાનના વંશજો – અસંખ્યાતા

(૨) પાંચ પાંડવની સાથે – વીસ કરોડ મુનિઓ

(૩) અજિતસેનની સાથે – સત્તર કરોડ મુનિઓ

(૪) સોમયશા (બાહુબલિનો પુત્ર) ની સાથે – તેર કરોડ મુનિઓ

(૫) દ્રાવિડ અને વારિખિલ્લની સાથે – દસ કરોડ મનિઓ

(૬) શામ્બ–પદ્યુમ્નની સાથે – સાડા આઠ કરોડ મુનિઓ

(૭) શ્રી પુન્ડરિક ગણધરની સાથે – પાંચ કરોડ મુનિઓ

(૮) ભરત મુનિની સાથે – પાંચ કરોડ મુનિઓ

(૯) રામ અને ભરત (દશરથ–પુત્ર) ત્રણ કરોડ મુનિઓ

(૧૦) નમિ–વિનમિની સાથે – બે કરોડ મુનિઓ

(૧૧) શાન્તિનાથ ભગવાને સિદ્ધાચલ ઉપર ચોમાસુ કર્યું ત્યારે – ૧,૫૨,૫૫,૭૭૭ મુનિઓ મોક્ષે ગયા.

(૧૨) સાગરમુનિની સાથે – એક કરોડ મુનિઓ

(૧૩) શ્રીસાર મુનિની સાથે – એક કરોડ મુનિઓ

(૧૪) કદમ્બ ગણધરની સાથે – એક કરોડ મુનિઓ

(૧૫) નારદ ઋષિની સાથે – નવ્વાણું લાખ મુનિઓ

(૧૬) આદિત્યયશા (ભરત મહારાજાના પુત્ર) ની સાથે – એક લાખ

(૧૭) વસુદેવની પત્નિઓ – પાંત્રીસ હજાર

(૧૮) દામિતારિ મુનિની સાથે – ચૌદ હજાર મુનિઓ

(૧૯) અજિતનાથ ભગવાનના સાધુ – દસ હજાર

(૨૦) આ. નંદિષેણસૂરિમહારાજાની સાથે – એક હજાર મુનિઓ

(૨૧) વૈદર્ભીની સાથે – ૪૪૦૦

(૨૨) બાહુબલીની સાથે – એક હજાર આઠ મુનિઓ

(૨૩) થાવચ્ચા પુત્રની સાથે – એક હજાર મુનિઓ

(૨૪) શુક પરિવાજક (શુક્રાચાર્ય) ની સાથે – એક હજાર મુનિઓ

(૨૫) ભરત ચક્રવર્તીની સાથે – એક હજાર મુનિઓ

(૨૬) કાલિક મુનિની સાથે – એક હજાર મુનિઓ

(૨૭) સંપ્રતિ જિનના થાવચ્ચા ગણધરની સાથે – એક હજાર

(૨૮) સુભદ્ર મુનિની સાથે – સાતસો મુનિઓ

(૨૯) શૈલકાચાર્યની સાથે – પાંચસો મુનિઓ

(૩૦) નમિ વિદ્યાધરની પુત્રી ચર્ચા પ્રમુખ – ચોસઠ

(૩૧) ઋષભસેન જિન પ્રમુખ અનંત તીર્થંકરો.

(૩૨) દેવકજીના છ પુત્રો, જાલી, મયાળીને ઉવયાળી, મંડક મુનિ, સુકોશળ મુનિ તેમજ અઇમુત્ત મુનિ.

(૩૩) સોમદેવ રાજા ૮૦૦ સેવકો અને ૫૦ રાજાઓ સાથે ચંદસૂરિ પાસે સંયમી બની શત્રુંજ્ય ઉપર મોક્ષે ગયેલ.

(૩૪) વીર રાજા શત્રુંજયનો મહિમા સાંભળી સંયમ લઇ વીરસૂરિ બન્યાં અંતે ૩ લાખ સાધુઓ સાથે મોક્ષે ગયા.

(૩૫) ઢંકસૂરિને કેવળજ્ઞાન થયાં પછી શત્રુંજ્ય નિર્વાણ પામ્યા તે સાંભળી તેમનો પુત્ર હરરાજા ઘણાં સંઘો સાથે શત્રુંજ્ય ગયા ત્યાં આઠ કરોડ દ્રવ્ય વાપરી જિનાલય બંધાવ્યું. એક વખતે આ રાજા ઘેર બેઠા–બેઠા (આ પર્વનું નામ ઢંક કોવાથી) ઢંક ઢંક એ પ્રમાણે ધ્યાન ઘરતાં કેવલજ્ઞાન થયું. તે વખતે બે કરોડ મુનિઓ શત્રુંજ્યે મોક્ષ પામેલ.

(૩૬) એક વખત અજીતનાથપ્રભુ આ તીર્થે દેશના આપતાં હતાં તે વખતે ૩ લાખ સાધુઓ મોક્ષ પામેલ.

(૩૭) આ તીર્થ ઉપર શાંતિનાથ પ્રભુનું ધ્યાન ધરતા વજદંબ નામના મુનિ એક લાખ મુનિઓની સાથે મોક્ષ પામેલ.

(૩૮) દંડવીર્ય રાજા સંઘ લઇ આ તીર્થ આવેલ તે વખતે તેમનાં સંઘમાં રહેલ સાત કરોડ શ્રાવક–શ્રાવિકાઓ આ તીર્થનાં ધ્યાનમાં મોક્ષ પામેલ.

(૩૯) ધન નામનો મંત્રી ૫૯૯ સુભટો સાથે શત્રુંજ્યે આવ્યો ત્યારે પ્રથમ ૫૦૦ સુભટો કેવલી બન્યા પછી મંત્રીને કેવલજ્ઞાન થયું.

(૪૦) નમિનાથ ભગવાનના શિષ્ય ગૌતમ અણગાર એક માસનું અણસણ કરી આ તીર્થે મોક્ષે ગયેલ.

(૪૧) દેવલોકમાંથી સ્વયંપ્રભુદેવે શત્રુંજ્ય ઉપર આ પ્રમાણે મોક્ષે પામતા સાધુઓને જોયેલા. પહેલા દિવસ–૧ લાખ, બીજા દિવસે–૧ કરોડ, ત્રીજા દિવસે–૫૦૦૦, ચોથા દિવસે–૧૦૫, પાંચમા દિવસે–૧૦, છઠા દિસે–૭૦૦, સાતમા દિવસે–૭૨૮ સાધુઓને મોક્ષ પામતા જોયેલા. (શત્રુંજ્ય–કલ્પવૃત્તિ)

આ અવસર્પિણિ કાળમાં એવી રીતે સિદ્ધાચલ ઉપર અસંખ્યાતા મોક્ષે ગયેલા છે અને ભવિષ્યમાં પણ અનંતતા મોક્ષે જશે. ભૂતકાળમાં પણ અનંતા મોક્ષે ગયેલા છે, માટે તે સિદ્ધાચળજીનું જ સેવન કરવું.

## શ્રી ઋષભદેવપ્રભુએ દેશનામાં કહેલું....

જે પુરૂષ આ તીર્થમાં શ્રી જિનેશ્વરદેવની અષ્ટપ્રકારી પૂજા કરે છે, તે આ લોકમા નવનિધાનને પ્રાપ્ત કરી છેવટે તે પૂજક શ્રી અરિહંત સમાન થાય છે.

મન-વચન અને કાયાથી આ તીર્થમાં જો ગુરૂની આરાધના થાય તો તે તીર્થંકરપદની પ્રાપ્તિનું કારણ બને છે.

આ તીર્થાધિરાજ શત્રુંજયગિરિ મોક્ષનો નિવાસ છે. આ ગિરિરાજ ઉપર ચઢનારા જીવો અતિદુર્લભ એવા લોકાગ્રને (મોક્ષને) પણ જલ્દી પામે છે. તેથી આ ગિરિરાજ શાશ્વત તીર્થેશ્વર છે.

જ્યારે તીર્થંકરો મુક્તિ પામશે અને આ પૃથ્વી પરથી વિશિષ્ટ જ્ઞાન ચાલ્યું જશે તે સમયે પણ ભવ્યજીવો આ ગિરિરાજનાં ગુણોની સ્તવના કરીએ તેમજ તેના માહાત્મ્યને સાંભળી તરી જશે.

- શ્રી અભિનંદનસ્વામીપ્રભુએ દેશનામાં કહેલું....

  શ્રી શત્રુંજયગિરિ કામ-ક્રોધાદિ અભ્યંતર શત્રુઓનો નાશ કરનાર, સર્વ પાપને હરનાર, મુક્તિનું લીલાગૃહ છે.

  જેઓ આ તીર્થમાં આવી ભક્તિથી ભગવાન ધ્યાન અને પૂજન કરે છે તેઓ અલ્પકાળમાં અજરામર પુણ્યને ઉપાર્જન કરે છે.

- શ્રી પાર્શ્વનાથપ્રભુએ દેશનામાં કહેલું...

  પાપનો ભાર અને વિકારરૂપ અંધકારનો નાશ કરનાર સેંકડો સુકૃતોથી પામવા યોગ્ય, સર્વ પીડાને હરનાર અને અનુપમ મહિમાનું પાત્ર, અતિશય પવિત્ર અને અત્યંત કલ્યાણકર, પર્વતોમાં ઇંદ્ર સમાન એવો આ પુંડરિક ગિરિરાજ સદા જય પામે છે.

  એક ક્ષણવાર પણ જે આ ગિરિરાજની છાયામાં રહીને જે અતિદૂર જાય છે તે ત્યાં પણ શત્રુંજયને નહિં પ્રાપ્ત કરનાર લોકોમાં પુણ્યથી સેવવા યોગ્ય થાય છે.

- શ્રી વીરપ્રભુએ દેશનામાં કહેલું....

  શ્રી સિદ્ધિગિરિ ઉપર ચઢનારા જીવો લોકાગ્ર (મોક્ષ) જ ચઢે છે. કારણ કે તે જીવોની સિદ્ધિ નજીકમાં જ છે.

  આ જગતમાં સદ્દ્રવ્ય, સત્કુલમાં જન્મ, સિદ્ધિક્ષેત્ર, સમાધિ અને ચતુર્વિધ સંઘએ પાંચ સકાર દુર્લભ છે.

- મહાવિદેહક્ષેત્રમાં સદેહે વિચરતા સિમંધરસ્વમીએ દેશનામાં કહેલું.... તે ભરતક્ષેત્રને ધન્ય છે કે જ્યાં શ્રી શત્રુંજ્યતીર્થ છે અને ત્યાં જતાં જીવોને પણ ધન્ય છે કે જેઓ તે તીર્થની અને શ્રી જિનેશ્વરદેવોની પૂજા કરે છે.

  જે બોધિબીજ–સમ્યકત્વ સંસારમાં ક્રોડો ભવોમાં પણ દુ:ખે કરીને પ્રાપ્ત થાય ચે તે શત્રુંજ્ય તીર્થ પર જિનેશ્વરદેવનું ધ્યાન કરવા માત્રથી પ્રાપ્ત થાય છે.

  શ્રી શત્રુંજ્ય ગિરિરાજને સારી રીતે પૂજ્યો હોય, સંભાર્યો હોય, સ્તવ્યો હોય, સાંભળ્યો હોય, અથવા એકવાર એનાં દર્શન કર્યા હોય તો પણ કર્મનો ક્ષય થઇ જાય છે. પાપીઓને શલ્ય રૂપ, ધર્મીઓને સર્વે પ્રકારના સુખોને આપનાર અને કોઇ પણ પ્રકારની કામનાવાળાની કામનાઓને પૂર્ણ કરનારએ ગિરિરાજ જયવંતો વર્તે છે. તપ વિના, દાન વિના અને પૂજા વિના પણ એ સિદ્ધક્ષેત્રનો ફક્ત શુભ ભાવથી જો સ્પર્શ માત્ર કરીયો હોય તો તે અક્ષય સુખને અર્પે છે.

  જેમ ટંકણખારથી સુવર્ણ અને જલથી લૂણ ઓગળી જાય છે. તેમ શત્રુંજ્ય તીર્થના સ્મરણાર્થી દુષ્કર્મ નાશ પામે છે. જેમ વ્રજથી પર્વત અને સિંહથી મૃગ ભેદાય છે તેમ શત્રુંજ્ય મહાતીર્થના સ્મરણથી કર્મ ભેદાય છે.

  જેમ અગ્નિથી સર્વ વસ્તુ અને લોઢાથી સર્વ ધાતું ક્ષીણ થાય છે. તેમ શત્રુંજ્યના સ્મરણથી સર્વ અજ્ઞાન ક્ષીણ થાય છે.

  જેણે મનુષ્યજન્મ પામીને અને સદ્ગુરૂ પાસેથી સમ્યક્ત્વને સ્વીકાર્યા પછી જો આ તીર્થને પૂજ્યું નહિં તો તે આત્માની સર્વ ક્રિયાઓ વૃથા છે, જયાં

સુધી આ શ્રી શત્રુંજયતીર્થને પૂજ્યું નથી, ત્યાં સુધી તે ગર્ભાવાસમાં જ રહેલો છે તેમ જ તે પુરૂષથી સદ્ધર્મ દૂર રહે છે.

જે સ્થાને મહાપુરૂષો એક વાર આવીને અધિષ્ઠિત થાય છે. તે તીર્થ કહેવાય છે. પણ આ સ્થાન પર તો અનંતા શ્રીતીર્થંકર દેવો આવેલા છે તેની આ મહાતીર્થ ગણાય છે.

આ ગિરિરાજ, પ્રાણીના કાદવ રૂપ કર્મોને ધોઇ નાખી તેને વિમલ કરે છે. તેથી તે વિમલાચલ કહેવાય છે. અને તે પ્રાણીઓના પાપ સમૂહનો નાશ કરી કલ્યાણનો કરનાર થાય છે. બાલ્યાવસ્થામાં યૌવનમાં અને વૃદ્ધપણા તથા તિર્યંચ જાતિમાં પણ જે પાપ કરેલું હોય તે આ શ્રી સિદ્ધગિરિનો સ્પર્શ કરવાથી નાશ પામી જાય છે. એક વાર ફક્ત આ તીર્થનું મન-વચન કાયાથી જે સેવન કરવું તે દાન, તે શીલ, તે તપ અને તે ધ્યાન સમજવું. આ ઉત્તમ ક્ષેત્રમાં જો થોડું પણ દ્રવ્ય સુપાત્રમાં ખર્ચ્યું હોય તો પણ તે મહાફલને આપે છે.

આ ગિરિરાજ અનાદિ સંસાર રૂપ સમુદ્રમાંથી તારનારો છે જે શુદ્ધભાવથી જ પ્રાપ્ત થાય છે. અભવ્ય જીવો તેનો સ્પર્શ પણ કરી શકતા નથી. આ ગિરિરાજ સર્વ તીર્થમય છે. તે માત્ર જોવાથી જ નિર્મળ આત્માવાળા પુરૂષોની બે દુર્ગતિઓ (નરક અને તિર્યચ) ને હણે. તો અર્ચન કરવાથી શુ ન કરે? તેના મુખ્ય શિખરની ઉચ્ચતાની શું વાત કરવી? જેની આગળ મેરૂગિરિ પણ લઘુ છે તે શિખર પ્રાપ્ત થવાથી ભવ્ય જીવોને લોકાગ્ર હસ્તગત થાય છે. જેને પ્રાપ્ત કરીને દેવતાઓ પણ ત્રણ રત્નને પ્રકાશ કરનારા મુક્તિમાર્ગની દીપિકારૂપ મનુષ્યપણાને ઇચ્છે છે.

આ શત્રુંજય ગિરિરાજનું ચરિત્ર અને વક્તાને ત્રણ પ્રકારની શુદ્ધિ વડે બુદ્ધિને વધારનારૂં છે. રવિની જેમ અજ્ઞાન રૂપ અંધકારને ભેદનારૂં છે. રોગ, દારિદ્ર, વિષ અને અપમૃત્યુને શમાવનારૂં છે. તેમજ નિર્મળ તથા

અમૃત જેવું  સ્વાદિષ્ટ અને સર્વ કર્મેને હણનારૂં છે. તે સાંભળવાથી પ્રાણીઓ આનંદકારી એવા ઉચ્ચપદને (મોક્ષને) પ્રાપ્ત કરે છે.

શ્રી વિમલાચલ તીર્થને હંમેશા હૃદયમાં રાખવાથી પાપની શાંતિ થાય છે. કારણ કે સૂર્ય પાસે હો તો શું અંધકારની પ્રવૃત્તિ થાય? જે બોદ્ધિબીજ સમ્યક્વ્ય સંસારમા ક્રોડો ભવમાં પણ દુઃખ કરીને પ્રાપ્ત થાય તે શત્રુંજ્ય તીર્થ ઉપર જિનેશ્વરનું ધ્યાન ઘરવા માત્રથી ક્ષણવારમાં પ્રાપ્ત થાય છે. જેમ સર્વ તત્ત્વોમાં સમ્યગ્દર્શન અને સર્વ દેવોમાં જિનેશ્વર દુર્લભ છે તેવી રીતે સર્વ તીર્થોમાં શત્રુંજ્યગિરિ દુર્લભ છે.

આ તીર્થમાં આવીને જે પ્રાણી જ્ઞાનીની અને પુસ્તકોની વસ્ત્ર. અન્ન અને ચંદનાદિકથી પૂજા કરે છે. તે પૂજા સૂર્યની કાંતિની જેમ તેની જડતાનો નાશ કરે છે. જ્ઞાનની પૂજા કરવાથી જ્ઞાનાવવરણીય કર્મ ભેદાય છે અને મુક્તિસુખનું કારણ એવું કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. શત્રુંજ્યતીર્થ પર જિનેશ્વર ભગવંતની પેઠે જો જ્ઞાનની પૂજા કરાય છે તો તે પૂજા અધિક અધિક ફળ આપે છે.

આ તીર્થમાં આવીને જે મનુષ્ય રાત્રિ ભોજન કરે છે. તે ગીધ, ધુવડ વગેરેના ભવો પામી દુઃખસમુહથી ચૂર્ણિત થઇ નરકમાં જાય છે. રાત્રિ ભોજન કરનાર અને એ રીતે સદા અપવિત્ર એવા પ્રાણીનો આ તીર્થને સ્પર્શ પણ યોગ્ય નથી. અહીં રહીને જે સમ્યક્ત્વમાં સ્થિરતા પૂર્વક વ્રતોને પાળે છે તેનાથી અન્ય કોઇ ધન્ય નથી અને તે ક્રમશઃ મુક્તિને પામે છે.

ગિરિરૂપ કિલ્લામાં રહેલા પુરૂષનો અનંતભવથી સાથે રહેનાર કુકુર્મરૂપ ક્રૂર શત્રુઓ પણ પરાભવ કરી શકતા નથી. જેમ સૂર્યનો ઉદય થયે છતે અંધકાર અને સજ્જન મનુષ્યમાં દુર્ગુણો નાશ પામે છે તેમ તે તીર્થમાં ક્ષણવારમાં હત્યાદિક પાપો નાશ પામે છે.

આ શત્રુંજય ગિરિ સદા શાશ્વત છે. અને સ્થિર છે. તેમ જ આ સંસાર સાગરમાં ડૂબતાં પ્રાણીઓને જીવિત આપનાર દ્વીપ સમાન છે. જેઓ આ ગિરિમાં પ્રાપ્ત થયા છે તેઓ કુકર્મથી ગમ્ય થતા નથી. તેઓ ભારની જેમ પોતાના પાપને નીચે મૂકીને જ આ ગિરિ ઉપર ચડે છે. જેણે શ્રી જિનેશ્વર દેવ તથા તેમનો કહેલો ધર્મ આરાધ્યો છે અને જેણે ગિરિ સેવેલો છે તેને દુર્ગતિનો ભય ક્યાંથી થાય?

# ગિરિરાજની ગરિમા

અતિમુક્ત કેવલીભગવંતે નારદ ઋષિને ગિરિરાજનો મહિમા આ પ્રમાણે કહેલો.

૧. અન્ય તીર્થમાં ઉગ્રતપસ્યાથી બ્રહ્મચર્યથી જે ફળ પ્રાપ્ત થાય છે. તે ફળ અત્રે માત્ર રહેવાથી પ્રાપ્ત થઇ જાય છે.

૨. ગિરિરાજના સાનિધ્યમાં એક ઉપવાસ કરવાથી એક કરોડ મનુષ્યને ભોજન કરાવવાનું ફળ પ્રાપ્ત થાય છે.

૩. ત્રણે લોકના તીર્થના દર્શન ગિરિરાજની સ્પર્શના માત્રથી થઇ જાય છે.

૪. જે-જે સ્થાનોમાં કેવળજ્ઞાની તથા સાધુઓ નિર્વાણ પામ્યા છે. તે-તે સ્થાનોને, ગિરિરાજને વંદના કરવાથી વંદના થઇ જાય છે.

૫. અષ્ટાપદ, સમ્મેત શિખર, પાવાપુરી, ગિરનાર, ચંપાપુરી વગેરે તીર્થના દર્શન વંદન કરતા શતગણું ફળ આ તીર્થના દર્શન વંદનથી મળે છે.

૬. અત્રે પૂજા કરવાથી સો ગુણું, પ્રતિમા સ્થાપન કરવાથી હજારગણું તથા તીર્થનું રક્ષણ કરવાથી અનંત ગણું ફળ પ્રાપ્ત થાય છે.

૭. જે અત્રે પ્રતિમા ભરાવે છે. તે અવશ્ય સમ્યગ્દર્શન પામે છે.

૮. અત્રે એક તપનું સો ગણું ફળ પ્રાપ્ત થાય છે. અને છઠ કરીને સાત જાત્રા કરે તો ત્રીજા ભવે અવશ્ય મુક્તિ પામે છે.

૯. શત્રુંજયની નદીમાં સ્નાન કરનાર ભવ્યાત્મા ગણાય છે.

૧૦. આ તીર્થના દર્શનથી સમ્યગ્દર્શનની શુદ્ધિ થાય છે. (સારાવળી પયન્ના)

- ભરત ચક્રવર્તીએ જિર્ણોદ્ધાર કરાવ્યા પછી ૧૦ લાખ ખેચરોએ એવો અભિગ્રહ કર્યો કે અમે દરરોજ અહીં જિન પૂજા કરશું.

- દેવદત્ત જ્યાતે પુંડરિક ગણધરના હાથે સંયમ લે છે તે વખતે તેમની સાથે ૧૦,૦૦૦ જૈન શ્રાવકો સંયમ લે છે.
- ભરતચક્રીએ શત્રુંજ્યની તળેટીમાં ૨૨ યોજનના વિસ્તારવાળું પાંચ કરોડ ઘરો વસાવીને નગર બનાવેલા. તેમાં ૨૫ લાખ જિનાલયો, પાંચ લાખ પૌષધશાળા અને પાંચ કરોડ બ્રાહ્મણો શ્રાવકો વસાવેલા. (પુંડરિક-ચરિત્ર)
- પાર્શ્વનાથ ભ. ના ભાઇ હસ્તિસેને સંઘ કાઢેલ તે વખતે રાયણ વૃક્ષમાંથી દૂધ ઝરેલ.
- ૫૦૦ વર્ષ પહેલાં દેવમંગલ ગણિએ ચંદનતલાવડી પાસે અઠ્ઠમ કરેલ તે વખતે કપર્દિ યક્ષે આદિનાથની રત્નમય પ્રતિમા બતાવેલ તેથી ત્રીજા ભવે મોક્ષે ગયેલ.
- ભરતચક્રવર્તીના સંઘમાં વારાણસીથી શત્રુંજ્યના દર્શન થાય છે. એ વખતે આદિનાથ પ્રભુની દેશના સાંભળીને ૧૦,૦૦૦ ભવ્ય જીવોને કેવળજ્ઞાન થાય છે.
- અજીતનાથપ્રભુ આ ગિરિ ઉપર ૩૦૦૦ વાર આવેલ.
- આવતી ચોવીશીના બધા તીર્થંકરો અહિં વિચરશે/।
- ચંદ્રયશા રાજાએ ચંદ્રપ્રભ સ્વામીના સમયમાં અહીં નવમો ઉદ્ધાર કરાવેલ આ રાજાએ ૫૦,૦૦૦ જિનાલયો અને ૫ કરોડ જિનબિંબો ભરાવી સંયમ લઇ મોક્ષે ગયેલ.
- સુમર્ધા ગણધરના શિષ્ય ચિલ્લાય મુનિ સંઘ સાથે ગિરિ ચઢતાં સંઘ અતિતૃષાતુર થયો. તેથી મુનિએ વિધાશક્તિથી પાણી મંગાવ્યું. ત્યારથી ચંદન તળાવડી પ્રસિદ્ધ થઇ.

## <u>સિદ્ધગિરિની યાત્રાના પર્વ દિવસો</u>

૧. કારતક સુદ-૧૫ : શ્રી ઋષદેવજીના પૌત્ર દ્રાવિડ અને વારિખિલ્લ દશ કરોડ મુનિ સાથે સિદ્ધિપદને પામ્યાનો દિવસ.

૨. મહા વદ-૧૩ : શ્રી ઋષભદેવની નિર્વાણ કલ્યાણક તિથિ

૩. મહા સુદ ૧૫ : શ્રી મરુદેવીમાતાના ચૈત્યની વર્ષગાંઠ.

૪. ફાલ્ગુણ સુદ ૮ : શ્રી ઋષભદેવજી આ તિથિએ પૂર્વ નવ્વાણું વાર સિદ્ધાચળે સમોસર્યા.

૫. ફાલ્ગુણ સુદ ૧૦ : નમિ વિનમિ ૨ કરોડ મુનિઓ સાથે મોક્ષે ગયા છે.

૬. ફાલ્ગુણ સુદ ૧૩ : શ્રી કૃષ્ણના પુત્ર શાંબ ને પ્રધુમ્ન સાડા આઠ કરોડ મુનિઓ સાથે ભાડવા ડુંગરે સિદ્ધિ પદને પામ્યા. (છગાઉની પ્રદક્ષિણા)

૭. ફાલ્ગુણ સુદ ૧૫ : શ્રી પુંડરિક સ્વામીએ પાંચ કરોડ મુનિઓ સાથે સિદ્ધગિરિ પર અનશન કર્યું.

૮. ફાલ્ગુણ (ચૈત્ર) વદ ૮ : શ્રી ઋષભદેવના જન્મ કલ્યાણક તથા દીક્ષા કલ્યાણક તિથિ (વર્ષીતપની શરૂઆત)

૯. ચૈત્ર સુધ ૧૫ : શ્રી પુંડરિક ગણધર પાંચ કરોડ મુનિઓ સાથે શત્રુંજ્ય ઉપર સિદ્ધિપદને પામ્યા.

૧૦. ચૈત્ર (વૈશાખ) વદ ૧૪ : નમિ વિધાધરની ચર્ચા વગેરે ૬૪ પુત્રીઓ સિદ્ધપદ પામી (ચર્ચગિરિ).

૧૧. વૈશાખ સુદ ૩ : વરસીતપનું પારણું (અક્ષય તૃતીયા).

૧૨. વૈશાખ (જેઠ) વદ ૬ : શ્રી આદિશ્વર ભગવાનની સંવત ૧૫૮૭માં થયેલ પ્રતિષ્ઠાની વર્ષગાંઠ.

૧૩. જેઠ સુદ ૮ : શ્રી વિજયાનંદ સૂરિશ્વરજી મ.સા.ની મૂર્તિની પ્રતિષ્ઠા

૧૪. આસો સુદ ૧૫ : પાંચ પાંડવ વીશ કરોડ મુનિ સાથે સિદ્ધિપદને પામ્યા.

## પવિત્ર શત્રુંજય મહાતીર્થની આશાતનાથી બચો

(૧) ગિરિરાજના નીચેથી માંડી ઠેઠ ઉપર સુધીના કોઇ પણ ભાગમાં થૂંક, બળખો, લીંટ વગેરે અશુદ્ધ કંઇ પણ નાખવું નહિ. તેમજ ઝાડો-પેશાબ કરવા નહિ.

(૨) ગિરિરાજ ઉપર ચઢતાં કે ઉતરતાં કહીં, ચવાણું બિસ્કિટ વગેરે કંઇ પણ ખાવુ નહિ.

(૩) બીડી-સિગારેટ વગેરે પીવું નહિ.

(૪) બહેનોએ પોતાના ઋતુકાળ નજીકના દિવસોમાં ગિરિરાજની આશાતના ન થાય તેની ખાસ કાળજી રાખવી. છતાં આશાતના થઇ જાય તો પૂ. ગુરુદેવશ્રી પાસે પ્રાયશ્ચિત લઇ લેવું.

આપણે એ ખાસ સમજવું જરૂરી છે કે અન્ય કોઇ પણ સ્થળે કરેલું પાપ શત્રુંજય મહાતીર્થમાં ખપી જાય છે, પણ શત્રુંજય તીર્થમાં કરેલું પાપ કયાંય ન ખપે. આ તીર્થમાં કરેલું પાપ વજના લેપ સમાન ગાઢ બની જાય છે.

માટે ગિરિરાજ ઉપર તો અભક્ષ્ય ભક્ષણ વગેરે પાપ ન કરવું, કિંતુ ધર્મશાળામાં પન અભક્ષ્યનું ભક્ષણ, અબ્રહ્મસેવન, પરસ્ત્રી વિકાર દૃષ્ટિ, પરનિંદા, ગંજીપાની રમત, રાત્રીભોજન વગેરે પાપ ન કરવું.